રને માથે સવાસેર.

(એક રમુજી વારતા.)

ભાગ પેહેલો.

લાવણી.

મદોન્મત બની, કહે મુજ સમા ન કોઈ;
ને બાયલા, ડરાવી રહે મન મ્હોઈ.
દુનીઆમાં કોઈ, મળે માથાનો જ્યારે;
વ્યસની કર્મ, કુડાં કરવાનાં ત્યારે.

મુંબઈ
પારસી પ્રિન્ટિંગ પ્રેસમાં પા. ન.
ખંભાતાએ છાપ્યું છે.

સંવત ૧૯૨૯—સને ૧૮૭૩.

કિંમત બે આના.

શેરને માથે સવાશેર

સુચના

લોકોમાંથી ભૂતનો ભય ટાળવા, પીરના મંત્ર જપી
. તેથી એકવાર ભૂતનો ભડકો થયો, અને હોલી
ભૂત ડાકણ ને ઘેરે હોલી થઈ. તેથી એમ
હવે એ મહા દુષ્ટ પલીતોનો ભય ટળશે.
. ...વા પ્રમાણે, ભૂત ડાકણ તો જુદાં
ધારણ કરતાં હોય, તેમ તેઓ ફરીથી, દ
; અને લોકોને પીડાકારી થવા લાગ્યાં.
...વાર એક ખરેખરા આગીઆ વૈતા
...ધીએ છીએ કે, જેથી એ પલીતોનાં
...ગે ને ભસમ થાય. આમંત્રથી જો
માનેતો બીજીવ દોઇજોમણી સાધીશું.

દો હ રો.

મેં હું જાતકી બેઠી આ, મુજે ન જાતકા ભાન;
તુંને બજાય તુંનની, મને મીઠાયા તાન.

(ક વી ત.)

વસન કાળ કી રીત, પ્રીત ડાકણ સે કીની;
બોલે એલ ફેલ બેણુ, બાત કરત હે છની.—૧.
ભૂત ભમત જગત મેં, પણ ડાકણ કી બલી હારી;
વૈસા કાજ સબીકી, બાત કરૂં મેં નઠારી.—૨.
નાત જાતકો બે, કછુ મનમેં નહીં ર
કોઇ કહે મુખથી બેણ, ઉસકી મે નહીં
પલીત મેરા સરદાર, પ્રીતમ કર
ખીલાઉં સબ સ્વાદ, દેખત નજરે

શેરને માથે સવાસેરની વારતા.

એક દીવસે સવારમાં ઉઠીને ફરવા જતો હતો, તે વખતે પૂર્વમાંથી તરેવાર રંગોનો પોશાક ધારણ કરી, સુરજ નીકળતો જોયો. તેના પ્રકાશથી ઠામેઠામ અંધકારનો નાશ થઈ, સર્વ આનંદમય અને હસ્તુ હોય તેમ દેખાતું હતું. ચારે બાજુએ પંખીઓ ઇશ્વરની સ્તુતી કરતા હોય, તેમ ગાતાં સંભળાતાં હતાં. હું તો જેમ જેમ આગલ ગયો, તેમ તેમ અલોકીક લીલા નજરે આવવા લાગી.

છેલ્લી વારે હું એક સરસવતી મંદીર આગળ જઈ ચઢયો. પછી તેમાં હું પેઠો ને જોયું તો, ચારે બાજુએ કબાટોમાં, મોટા મોટા કવી પંડીતોરૂપ ચૂપ બે-
જોયા. તેઓ સાથે થોડી વાત ચીત કરી, પછી દ
ની ખબરો વાંચવા તરફ મન ગયાથી, બે ચા
ના કાગળો વાંચીને, ઉઠી ઉભો થતો હતો
ક પાસે બેઠેલા મીત્રે કહ્યું કે, તેં આ ગ
ચ્યું, ત્યારે તે બે ...યો કે, ના ભાઈ ત્યારે

તે મીત્રે તે વાંચ્યું; ને તે વાંચવાથી તે લખનાર કેવી જાતનો માણસછે, તેની સવીસ્તર હકીકત કહી.

આજ કાલ પીંઢારા જેવા મહા દુષ્ટ જુલમગારજ, થોડે દીવસે ધાડ પાડતા તે પણ તેમનો ત્રાસ ગયો; પણ હાલમાં એક મહા દુષ્ટ પલીત જાગ્યો છે. કોઈ તો મહા પરાક્રમી નીકલી પોતાની સાત પેહેડી તારે; પણ તેનેતો પોતાની પંદર પેહેઢી તારી. કેમકે તેણે નીચેની છ વાતોનું જળ લીધું હોય એમ દેખાય છે.

૧—જો હું મારા જન્મારામાં સાચું બોલું તો મને બ્રહ્મહત્યાનું પાપ.

૨—જો કોઇની નીંદા કરયા વીના એક ઘડી જંપુ, તો મને રગે રગે પત નીકળજો.

૩—મારી માને પેટે પથર પડી, તેને ગાળો ન ખવરાવું તો મને કોડ નીકલજો.

૪—વગર મેહેનતનો એવો એક ધંધો શો[illegible] હાડી, માથા ઉપર વાળ છે, તેટલા શત્રુ પેદા ન[illegible] મને કંઠમાળ નીકલે.

૫—પેહેલી વાર જે કોની નિંદા કરા[illegible]

પણ છેલીવારે એકાએક વગર ભાડાનાં ઘરમાં હાથે પ
ગે ઘરેણાં ન ગાલું તો મારો બાપ ઢેડ.

૬—મારી બેનો આકાશનાં તારા પાડે એવી પરા·
ક્રમી છે. પણ તેમનાં ગુણ ગાવા એ મારો ધર્મ નહીં;
માટે હું બીજા લોકોની જુઠી નીં૦.
રાક્રમ તેઓ પાસે ન ગવરાવું તો અંતે વેરાગ ધારણ
કરવો.

હવે બીજું એકે સરૂઆતમાં ગલીચ પત્રમાં જયા
રે લોકની નીંદા આવતી, ત્યારે કેટલાક બીકણે ડરીને
તેમને પૈસા આપ્યા. તેથી તે મંદાન્મત થયું.

તે પછી જે ચસકો લાગ્યો તે કેમ જાય ? જે લો-
કોએ પૈસા આપી તેને આવો મદાન્મત થવા દીધો
તેમના ઉપર અને જે લોકની તેણે રોજ નિંદા કરી,
તેમની આબરૂને ડાઘ લગાડયો, તોએ નથી બોલતા,
તે ઉપર મને અતીશે ક્રોધ ચડેછે. પણ બીજી તરફથી
જોતાં તે લોકોએ ઘણું સારૂં કર્યું હોય તેમ જણાયછે.
કેમકે તે વિશેનું એક દ્રષ્ટાંત સાંભળ.

એક હજામ હતો તેને એવી ટેવ પડી હતી કે, જે
તેની પાસે હજામત કરાવે તેની હજામત કરી રહ્યા પ

છી, માથા ઉપર એક ટકોરો મારે. એક દિવસે એક વાણીઆની હજામત કરી, ને પછી છેલ્લીવારે ટકોરો મારયો, ત્યારે વાણીકે કહ્યું કે ભાઇ ઠીક કર્યું. હવે મન ગમ્યું એમ કહીને એક રૂપીઓ આપ્યો. પેલો વા- [illegible] યો, ને મનમાં વીચાર કરવા [illegible] જો મેં બે ટકોરા મારયા હોત તો બે રૂપાયા મલત. કંઇ ફીકર નહીં. બીજીવાર કોઈની હજામત કરવાની આવશે ત્યારે તેમ કરીશું. પછી એક દીવસે આરબની હજામત કરવાની આવી. વાલંદે રોજના નીયમ પ્રમાણે હજામત કરી, માથામાં એક ટકોરો લગાડયો. ત્યારે આરબે મહા કોપાયમાન થઈ કમરમાંથી તરવાર કાઢી વાળંદને મારી કે ફરી ટકોરો મારતો બંધ થયો. તેમ જેમણે તેને પૈસા આપ્યા છે; કે જે લોકોની તે નીંદા કરેછે પણ બોલતા નથી. તેમનો હેતુ ઉપર કહેલી વાતમાંના વણીક જેવોછે, કે જેથી કોઇ દીહાડે ભાઇ પ્રાણ ખુવે.

વલી પલીતે જે લખ્યું છે, તે ઉપરથી મને એમ જણાયછે કે, તે લખનારના મનમાં એમ હોય કે, મા[illegible] જેવો કોઇ નીચ નથી. માટે મારી, સામો કોણ

ઉભો થશે. પણ તેમાં તેની મોટી ભુલછે. આ મોટી દુનીઆમાં શેરને માથે સવાસેર ઘણાય મલી આવેછે. તે રોજ રસ્તામાં અથડાતા નથી. પણ લાગ આવે ગાળા નરમ કરે, ત્યારે ખબર પડે કે, હાથ હાથરે માથાનો મલ્યો ખરો. આ લખનાર તો હજુ લંગોટી રાખતો હશે, પણ તેનાં શત્રુતો એવા ઉભા થયા છે કે, તેમનેતો લંગોટી પણ ભારે પડે છે. ત્યારે તે શું શત્રુ તેનાથી ઓછા નાગા? ત્યારે મેં પુછ્યું કે તેનાં જેવા કોઇ નાગા નહીં હોય. ત્યારે મિત્રે કહ્યું કે મુળથીતો નાગા નહીં ઢાંકયા. પણ આ પલીતે પલીતો મુકયો, એથી તેમનાં વસ્ત્ર બલી ગયાં ને નાગા થયાં. તેમાં તેઓનો વાંક નથી. આવા દુષ્ટ પલીતનો વાંક છે.

પ્રશ્ન—હે મિત્ર તેઓ તે પલીત જેવું રૂપ ધારણકરશો

ઉતર—હા. હજારવાર કારણ કે થાય તેવા થઇએ, તો જગમાં રહીએ.

પ્રશ્ન—ત્યારે એ પલીતનો કોઇ કેમ ઉપાય નથી કરતો?

ઉતર—ભાઇ દારૂ ગોલો તૈયાર કરયા વનાં શત્રુ સામે કેમ જવાય.

પ્રશ્ન—જ્યારે જુઠીજ લોકોની નીંદા કરે છે, ત્યારે તેની સાંમે થતાં કેટલી વાર ?

ઉતર—ગમે તેવો હલકો, પણ શત્રુને તો મહા બળીઓ ધારવો. નહીતો અંતે હાર થાય. જેમ વડનું ઝાડ આકાશ સંઘાતે વાત કરવાની ધારણા કરે તો તેણે પ્રથમ ભોંયમાં છુપી રીતે, પોતાનાં મુળ ઘણાં ઊંડા ગાલવા જોઇએ. વલી બીજું કેટલાક સારા માણસછે, તે આવા દુષ્ટની સાંમે થવાને ડરેછે.

પ્રશ્ન—એવા દુષ્ટને સજાએ પુગાડવા શા માટે ડરવું?

ઊતર—તમે ઢુંનડરો પણ બધા સરખા છે. જે બીકણ હોય તે ડરે પણ ખરા!

મારા વાંચવામાં પલીતનું વ્યાકરણ આવ્યું છે, પણ તેનાં ઉપર હડતાલ મારે એવું રમુજી વ્યાકરણ વાંચી સંભલાવું તે સાંભલ.

જે પૈસાની લાલચથી, બીજાની નીંદા કરી ગુજરાન કરેછે, તેમને ગલીચ ખાડીનાં દેડકાં કહેછે.

જે—આ દુનીઆનો સબંધ તોડાવી, નઈ સાથે સંબંધ કરાવનાર સર્વ નામ, મોક્ષ કદી ન થવાય એ ...આદનીનું પંદરમું વચન.

પૈસાની—એ ઘર ઘાલનાર નામ, પાપી પેટ માંટે આટલું કર્યું; એ નર જાતી, છઠીની વંઠેલ નારી ઘરમાં રાખી માટે બીજીનું બહુ વચન.

લાલચથી—દુખ કરતાં નામ, બધું તેમાં ખોયું; નારી જાતી, હજી પાંચ દનો દુખી થઇશ, માટે પાંચમીનું એક વચન.

બીજાની—બીજાની નીંદા કરી, માથે શત્રુ પેદા કરી પેટ ભરી ખાસડાં ખાધાં, ખાવા પીવાના સાંસા પડે, ને ભીખારી થયો, એવો ગુણ બતાવે માટે વીશેષણ છઠીનું એક વચન.

નીંદા—જેથી બીજાનું મેં રાત દીવસ પાપ ધોયું, માટે જેની મેં નીંદા કરી તેને સુખ કરતા, નેમને દાખી તકરતા નામ, પેહેલી વાર આવું ગલીચ લખ્યું, માટે પેહેલીનું એક વચન.

કરી—ક્રીયાપદ; મારાં કર્મ કુડાં છે. માટે કુકર્મક ક્રીઆપદ, ઘરમાં ધાતુ પાત્ર નથી રહેવાનું, માટે નાશવંત ધાતુ, મારી વાત બધી ઉઘાડી થઇ, ને હવે કોઇ ડરતું નનો, ને અશકત થયો માટે અશકત ભેદ, આવા કરમ કરૂં છું તેથી, મારી દશા ભુંડી થવાની જ

આવ્યું, માટે ભુતકાળ, મેં જાતે નીંદા કરી માટે પેહેલા પુરૂષને એક વચન.

ગુજરાન—ભીખ માગીને ગુજરાન કર્યું, માટે ધીક્કાર કરવા જોગ નામ, નર નારી જાતી, આગળ વીચાર થશે માટે એક વચન.

કરી—કર કાળાં કૃત્ય કરનાર હીચાપદ, ગોળ ઓળ ધાતુ, એક વાર માંફ માંગી, માટે ભાગ્યો ભેદ, હજુ કોઇ બીજો માથાનો મળ્યો નથી ત્યાં લગી ઠીક છે, માટે વર્તમાંનકાળ, ત્રીજો કોઇ જાગે, માટે ત્રીજો પુરૂષને એક વચન.

તેમને—ગલીચ કૃત્ય કરનાર ઠેકાણે આવ્યું, માટે ગલીચ સર્વનામ, ગલીચ જાતી, દુરગંધી રૂપી બીજી વીભક્તીનું બહુ વચન.

ગલીચ—એ વીશેષણ મારીજાતીનું ગુણ બતાવેછે.

ખાડીના—સર્વ સારી વસ્તુનો નાશ કરનાર સ્થળ વાચક નામ, નારી જાતી, છઠીનું એક વચન.

દઉકાં—દઉકા પેઠે ઘેર ઘેર જઇ, ફો ફો કરી ડરાવી પૈસા માગુ, તે કોઇ આપે નહી, માટે [illegible]થાભંગ નામ, કુત્રી જાતી, [illegible] મતે બહુ વચન.

કરેછે—ચક્ષમાં તો વસમાં થયાં, ને મારૂં કંઇ ફાવ્યું નહી, માટે અફળ ફીઆપદ, અફળ ભેદ, અફળ જાતી, ને અફળ વચન.

સાર સમજે તે સમજે.

એક વખત એક બાહાદુર વાદીએ, મોટા સાપનાં દર આગળ જઈ મોરલી વગાડી. તેથી દરમાં સુતેલો સાપ ફુફુવાટા મારતો બહાર નીકળ્યો, અને બોલ્યો કે હે દુષ્ટ, મને સુતેલાને તેં શીદને જગાડ્યો. તારી દશા ભુંડી થશે. પણ વાદી ઘણો કુશલ ધીમેથી બોલ્યો કે બચા કંઇ ફીકર નહી. મેં આખું જંગલ ભટકી ભટકી, એટલી બુટીઓ તેયાર રાખીછે કે, તું ગમે તેટલીવાર બચકાં ભરી તારાં ઝેરી દાંતમાં જેટલું ઝેર છે, તેટલું બધું ખાલી કરે, પણ મને કશું એ થાય નહીં; કેમકે તે ઘસીને ચોપડ્યું કે, ઝેરનું અમૃત થાય. તું મુરખછે. તારા જેટલું અમને જ્ઞાન નહી હોય, કે જ્યારે ઝેરી સાંપને છંછેડવા ધાર્યો હોશે, ત્યારે સાંમગ્રીમાં ક્યારા હશે! માટે હે ઝેરી સાપ તું ગમે તેટલા ફુંફવાટા મારી, તારી કાળી નાગણીને પણ સાથે બોલાવ. હમો કોઇથી ડરનાર નથી. પાછા નાગ

દાંત પાડી તને કંડીઆમાં નાખવો એજ હમારો હેતુ છે. તે આજ નહીં તો કાલ ઇશ્વર કૃપાથી પાર પડયા વીના રહેનાર નથી.

મરચુરણુ આપજો.

(ગરબો.)

(જવા હીમાલા પાર, ચાર જોગેન જાણતા જો—એ રાહ.)

ગમતી ભમતી નાં ભ્રાત, વાત સુણ ને હેતે કરીરે.
નથી નિંદામાં સાર, માર ખાસો પેટે ભરીરે.— ૧
કીધાં અનીતીનાં કાંમ, ઠામ નથી જેનું કંઇરે;
કહે સૌને જઈ આમ, દામ આપો ને મુજને રે.—૨
નિંદા કીધી ઠામો ઠામ, જામ દારૂતણો પીનેરે;
બોલે મુખથી રે ભાંડ, રાંડ રાખીને નીચનીરે.—૩
શીરે શત્રુ અપાર, વાર તારી ન કો ચડેરે;
કદી ચડવા જો જાય, ખાય ખતા નર્કે પડેરે.— ૪
શાને થાએ તું દુષ્ટ, પુષ્ટ કરમો કુડાં કરીરે;
છુટે ઓંચીતી તોપ, કોપ થાશો જશોં મરીરે. ૫
ભાખું સાચોરે જોશ, રોશ મનમાં ન રાખ .ા રે;
દહેરીનું કહ્યું તોલ, બોલ જુઠો ન જાયવોરે.— ૬

(૫૬.)

ખોટી નીંદા દુષ્ટ કરેછે. તેથી શાને દરતારે;
બની બાયલા કાયર પુરા, છાનું દાન શીદ કરતારે.–ટેક
તમે જાણી નીચનું મો કાળું, આપો છો કંઈ જ્યારેરે;
ત્યારે પાપી ફુલી બોલે, ડરતા મારા મારેરે.–બની.૧
એમ દામ તમે શીદ આપી. દુષ્ટ મદોન્મંત કરતારે;
અંધ અપંગ ગરીબ જનો પર, દયા નહીં ધરતારે–બની.૨.
હાથે હાથે શીદ વધવાદો, આવો રોગ તમે જાણીરે;
થતો હજુછે ઉપાય કરોને, નહી તો થાશે હાણીરે–બની.૩

(લા વ ણી.)

સંપ કરીને સરવે લોકો, શીખામણ માનો સારી;
ગલીચપ[illegible]ર ઘરમાંથી કાડો, નીંદાથી ભરીયું ભારી.–૧
બોધ મળે તેમાં નહીં સારો, દામ નકામા શીદ ખુઓ;
એ કરતાં કોઇ ગ્રંથ સરસ લેઈ, વાંચી સાર વોચારી જુઓ–૨
ઊપાય આવો નહીં કરશો તો, નીંદા થાતી નહીં અટકે;
ગલીચ [illegible]તરો ગાંધી હાટે, બની પડીકા નહીં લટકે.–૩

પલીત ડાકણનું વીચીત્ર જોડું.

ગ ર બા .

(મારારે સ્વામી બોલોને વ્હાલા.—એ રાગ)

મારારે સ્વામી વાળે બહુ ગોટા;
ઉઠાવે અતીશે ખોટા બુટા.—ટેક
ધણી એક, મુકી ને ભાગી;
મેતાની સંગે, પ્રીત લાગી.—મારારે ૧.
નાખ્યા તેને કેદમાં, બહુ ભારી;
માગી થોડા દીન, મેં ભીખ સારી.—મારારે
ગોતી જમાદાર, બહુ રૂડો;
પેહરયો તેની સંગે, ફરી ચુડો.—મારારે ૩
વળી પાછું, નાતરૂં મેં કીધું;
પલી તે સુખ મુને, નહીં દીધું—મારારે ૪
ચતુરા હું, ચાલીસની પુરી;
ન્હાનો નાથ, વીસનો મરૂં ઝુરી.—મારારે ૫
સાચું બોલી, જાણે નહીં કેદી;
મારૂં હૈયું, નાખ્યું બહુ ભેદી—મારારે. ૬
નણંદ મારી, કમાણી બહુ કરતી;
બેઠઇ વેરાગી સાથે રમતી.—મારારે ૭

જે રામ જે રામ, કરતી ફરતી;
પેટ પાડી, અતીશે કલ કલતી.-મારારે ૮
જેવાં પુનર વીવાહ, કરવા ચાતી;
વ્યસની રજા આપે તો, ખુશી થાતી-મારારે
સ્વામી પીટચો, લાપરી બહુ કરતો;
માથે છેડો નાંખી, ને બહુ રડતો-મારારે ૧૦

(લા વ ણી.)

ગમતી ભતીનાં પ્યારા, તેરી પગડી કે પેચ સંભાલ.-ટેક
ચકરચ તો પાગડું બાંધે, હિંદ લટકતી ચાલ;
ડાકણ ને સાથે લઇને, કરતો તુરે તાલ.-ગમતી.૧
મોટી મોટી વાતો કરતો, ડોલ ઘાલી ભારી;
ડાકણની તો હુાલ તને, લાગી છે કટારી-ગમતી.૨.
કાળા કાળા કામો કરી, મોહોડું કીધું કાળું;
ડાકણની સંગે રમી, કીધું બહુ બોપાલું-ગમતી.૩.
પેસા ખાતર નિંદા કરવી, એ પાપી નું કામ;
લ્હેરો કહેછે પડતા મુકો, એવા રે બદનામ-ગમતી.૪

(ચાબકો.)

દુષ્ટ પલીત ફાવે તે કરતું, નથી હમે તો દરવા ના,
ફેંક બાણુ જોરાવર ભારે, ઢાલ આવી હમે ધરવાના.—૧
ડર બાપડા બીકણ પુરા, દામ આપીં ને તું ને રે;
કોડી ફુટી નહીં નીકલે, છેડયે ઝાજુ હમનેરે.—૨
તું નાગો છું તેથી ત્રમણા, નાગા થઇશું સામેરે;
ત્યારે બચા તું ડરીને, મુકશે નીચું કાગેરે.—૩

લાવણી.

ચોખા નહીં હોયા, ચોખા નહીં હોયા;
ગોમતીએં નાહેબીન પાવન નહીં હોયા. ટેક.
પુતી પુતલી નાવાને ગઇતી, નાવાને ગઇતી;
જોઇ ચુડેલ જેવાંનું રૂપ, ચકીત બહુ થઇતી. 1
*છવી જાંન લેવાને આવી, લેવાને આવી;
નાના બાળકનાં પ્રાણ, લેવામાં ફાવી. 2
દુષ્ટ ગલીચ છટેલ થઇ બોલે, છટેલ થઇ બોલે;
ભઈ જબરા છેડીને સાર, કુતરા તોલે. 3

ગરબો

જેવાં બેલાકુનાં ભ્રાત, વાત કરવી વીચારીનેરે.
તારીજ કુડી સંભાર, વાર તેની ન આવીઓરે. 1
બોલ વીચારીને બોલ, તોલ થાએ કુત્રા જેવોરે;
પછી કાલા કાપા દાર, જોર તારૂં તું બોલજેરે.
ઘરમાં સંતાનો બેસ, વેસ રાખીને બેસનોરે;
નહીં મળે ખાવા ધાન, દાન માગી ખાતો ફરેરે. 3